વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ Vol. 17 No. 12

## અપ્રસ્તુત એવું ધર્મ-માર્કેટીંગ






નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

સત્યશોધક સભાના એક મંત્રી

જાદવ પૂછે છે :

પ્રશ્ન : અત્યારે માણસે પૈસા પાછળ દોટ મૂકી છે તો કેટલા પૈસા હોય તો માણસ સુખી થાય ? લિમિટ તો હશે ને ?

જવાબ : માણસને રૅશનલ બનવામાં જે કેટલાક વિઘ્નો આવે છે તેમાંનું એક વિઘ્ન તમે પૂછેલા પ્રશ્નમાં ગર્ભિત છે. પૈસા પાછળની દોટ માણસને માત્ર ઈર્‌રેશનલ (અવિવેકી) જ બનાવતો નથી, પરંતુ ગુનેગાર, ભ્રષ્ટાચારી અને નિષ્ઠુર બનાવે છે. આમ છતાં બધા જ માણસો માટે આ વાત સાચી નથી. કળા, રમત, સાહસ, પ્રવાસ, પરોપકાર વગેરે પ્રવૃત્તિઓ કે જે માણસની વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરે છે તેની પાછળ પણ સંખ્યાબંધ માણસો આજે પણ દોટ મૂકે છે. કેટલાક તો તે કરવામાં ખુવાર થઈ જાય છે. આમ છતાં, તમારી વાત સાચી એટલી છે કે મોટા ભાગના માણસો પૈસા પાછળ દોટ મૂકે છે. પોતાનું આરોગ્ય જોખમાય ત્યાં સુધીની અક્કલ વગરની દોટ મૂકે છે. આ માટેના ઘણાં કારણોમાંનું એક કારણ સમાજે પૈસાને આપેલું મહત્વ છે. સમાજમાં શ્રીમંતો હમેશાં આદરણીય અને ધાક જમાવનારા હોય છે. આથી સામાજિક પ્રાણી તરીકે પણ માણસ પૈસા પાછળ દોટ મૂકે છે. એકવાર એ સામાજિક મૂલ્ય બને એટલે પૈસા મેળવવાની કોઈ લિમિટ(મર્યાદા) રહેતી નથી. સમાજે કલાકારો, લેખકો, રમતવીરો, સાહસિકો વગેરેને પણ શ્રીમંતો જેટલો આદર આપવો જોઈએ. અલબત્ત, સત્તાધારી કે શ્રીમંતોની જેમ તે ધાક જમાવનારા બને જ નહીં, પણ તે તો સારું છે. મર્યાદા તો માણસે જ પોતે નક્કી કરવાની થાય. જો તમે કે હું તેવી મર્યાદા મૂકીશું તો બાકીનો બધો સમય કલાકાર, વગેરે થવા માટે મળશે કે જેથી જીવનનો સાચો આનંદ મેળવી શકીશું. યોગ્ય માર્ગદર્શન મળે તો રેશનલ થઈશું. ચાલો આપણે આપણાથી આ મર્યાદા નકકી કરવાની શરૂઆત કરીએ !

–સૂર્યકાન્ત શાહ

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

મનસુખ નારિયા
જનક બાબરીયા

ડો. સુષ્મા અય્યર

૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ | સળંગ અંક : ૩૮૫ | Vol. 17 No. 12

( આ અંકથી **'સાર્થ'** જોડણીમાં અંકો પ્રસિદ્ધ થશે. )


## અપ્રસ્તુત એવું ધર્મ–માર્કેટીંગ

**–સૂર્યકાન્ત શાહ**

કોઈપણ ધર્મનો પાયો કપોળકલ્પિત હોય છે. કેટલાકને કોઈક તુક્કો સૂઝયો, તે એમણે પાથરેલા પ્રભાવના જોર પર 'ધર્મ'નું નામ આપીને લોકો વચ્ચે એ તુક્કો ફરતો મૂકેલો. એ તુક્કાને જેમણે વાસ્તવિકતા તરીકે સ્વીકાર્યો તેઓ તે 'ધર્મ'ના અનુયાયી–ભગત બની ગયા ! જેનો પાયો જ અવાસ્તવિક એવી કલ્પનાનો છે તેને સમાજમાં ટકાવવા અને વિકસાવવા જાતજાતનાં ગતકડાં જ કાઢવા પડે એ સમજી શકાય તેવું છે. આથી વિધિ–વિધાન, ક્રિયાકાંડ, કર્મકાંડ, તપશ્ચર્યા, વરઘોડા ને સરઘસો, વિવિધ ઉત્સવો જેવું બધું કરવું પડે. ભગતો–અનુયાયીઓને પકડી રાખવા પડે. એમના મગજમાં સતત ભય અને લાલચને ઘૂમતા રાખવા પડે. આ બધું જે કંઈ છે તે ધર્મનું માર્કેટીંગ છે. આપણે ત્યાં ઘણી વેપારી કંપનીઓ તદ્દન ધૂળ જેવો માલ, જાહેરખબરો, ડિસ્કાઉન્ટની લાલચો, રૂપાળી સેલ્સ ગર્લ્સને ઘેરઘેર ફરતી કે કાઉન્ટર પર ઊભી રાખીને મોટા પાયા પર વેચાણ કરે જ છે ! ધૂળ જેવો માલ વેચતી આ કંપનીઓ અને અવાસ્તવિકતા પર ઉભેલા ધર્મના ઠેકેદારો વચ્ચે કોઈ તાત્ત્વિક તફાવત નથી.

આ ઠેકેદારો સ્પ્રિંગ બોર્ડ પર ઉભેલી બિકીની પહેરેલી સુંદરી જેવા છે. જ્યાં કંઈ


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

ધડાકો થાય એટલે તેઓ કૂદકો મારી જ દે છે ! હમણા આપણા દેશમાં એક ધડાકો, ક્રિકેટની વર્લ્ડ કપ મેચમાં થયો. દશ દશ મેચ જીતીને મેદાનમાં ઉતરેલી આપણી ટીમ અને ઓસ્ટ્રેલિયાની ટીમ વચ્ચેના આ જંગમાં ભારત જ જીતશે એની બધાંને ખાતરી હતી. આથી ધર્મના ઠેકેદારો, પેલી સુંદરીની જેમ કૂદી પડયા ! સૌથી પહેલા તો જ્યોતિષીઓ સ્પ્રિંગ બોર્ડ પર આવી ગયા. કોણ જાણે કયા ટીપણાં જોયા અને લાગે છે કે રાહુ–કેતુ નામના જે ગ્રહો જ નથી ત્યાં ફરી આવ્યા અને બધાંએ એકીઅવાજે જાહેર કર્યું કે ભારત જીતશે. આ જાહેરાતની આગળ–પાછળ ધર્મની ધજા તો ખરી જ. જ્યોતિષીઓએ ખાતરીપૂર્વકની જાહેરાત કરી છતાં બીજા કેટલાક સ્પ્રિંગ બોર્ડવાળાઓને એવું થયું કે એમણે પણ કૂદવું જોઈએ. આથી એમણે યજ્ઞ અને હોમ–હવન કર્યા. કર્યા પછી જાહેર કર્યું કે એમણે બધા દેવ–દેવીઓને સમજાવી દીધા છે એટલે ભારત જ જીતશે ! ત્રીજા સ્પ્રિંગ બોર્ડવાળા એવા હતા કે એમણે આપણા એકેએક ખેલાડીની કુંડલી જોઈ. આંકડાશાસ્ત્રની પરિભાષામાં ચોક્કસ આંકડો નહીં કહેવો કે કોહલી ૨૨૨ રન ફટકારશે, પણ જણાવ્યું કે ૨૦૦ થી ઓછા નહીં કરે ! હવે આ બધાંની કંઈ જરૂર હતી ? આ બધા કૂદયા પણ નીચે હોજમાં પાણી જ નહોતું ! બધાંનાં માથાં ફૂટયા, બધા જ ખોટા પડયા. આ લોકો હોંશિયાર છે. એમણે જોયું કે દશ દશ મેચ જીતીને આવેલી ભારતીય ટીમ જ જીતે. આ એમનો તર્ક તો બરાબર હતો. આવા જ તર્કના આધારે તેઓ જ્યોતીષ જુએ છે. વિધિ–વિધાન કરે છે. સટોડિયાની જેમ જે ગાડી ચાલતી હોય તેમાં કૂદીને બેસી જાય છે. હમણાં હમણાં વાંચવા અને ટીવી પર જોવા મળે છે કે એવા કૂદવાવાળા ડબ્બામાં ભરાતા નથી પણ ગાડી અને પ્લેટફોર્મની વચ્ચે ફસાઈ જાય છે. મૂળમાં વાત એ છે કે એવી કૂદવાની જરૂર છે ખરી ! ક્રિકેટની મેચ રમાવાની હોય તેમાં ધર્મના માર્કેટિંગની જરૂર છે ખરી ? હા...એમને માટે એ જરૂરી છે કારણ કે એ પણ એક ગતકડું છે કે જે અનુયાયીઓ – ભક્તોને પકડી રાખે છે.

આવો બીજો બનાવ બન્યો ટનલમાં ફસાઈ ગયેલા ૪૧ મજૂરોનો. આ મજૂરો ફસાઈ ગયા તે બનાવ દેશમાં ખૂબ પ્રસિદ્ધ થયો અને તેઓ બચશે કે કેમ તે દેશમાં ચર્ચાનો મુદ્દો બની ગયો. અન્યથા દેશમાં આવા સેંકડો મજૂરો, માલિકો અને વ્યવસ્થાપકોની બેદરકારીને કારણે કમોતે મરે જ છે. એ રાષ્ટ્રીય ચર્ચાનો મુદ્દો બનતો નથી એટલે એના પર ધર્મના ઠેકેદારોએ ધ્યાન આપવાનું હોતુ નથી. જેવા ૪૧ ફસાઈ ગયેલા મજૂરોનો

(અનુસંધાન પાના નં.–૪ ઉપર)

# આપણો માંદો સમાજ

**–તંત્રી લેખ**

આપણો સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો છે. બોલકો વર્ગ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ તરફથી જે ઝાકઝમાળ પેદા કરવામાં આવે છે તેનો ભાગીદાર અને પ્રચારક બની ગયો છે. પોતે જ પેદા કરેલી ઝાકઝમાળથી પોતે જ એટલો અંજાઈ ગયો છે કે આપણા સમાજનાં દુઃખો એને દેખાતા નથી અને ચિત્કાર સંભળાતા નથી. કેટલાંકના દુઃખ તો એટલાં અસહ્ય છે કે તેઓ ચિત્કાર પણ કરી શકતા નથી ! તેમાં વળી બાળકોને તો ચિત્કાર કરતા આવડતું જ નથી. વળી એ અઢાર વર્ષનું નહીં થાય ત્યાં સુધી એ મતદાર બનતું નથી. એનો અર્થ એ કે એનું રાજકીય મૂલ્ય નથી. ઝાકઝમાળના સર્જક અને પ્રચારક વર્ગ એવું માનવા–મનાવવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે કે મા–બાપને એમનું સંતાન જીવથી પણ પ્યારું છે. જ્યારે ભૂખ સંતોષવાનો સવાલ આવે છે ત્યારે જીવ તો શું, પરંતુ ખાલી પેટ પણ સ્વાર્થી બનાવે છે. વોલકાવર્ગમાં પણ ઐયાસી સંખ્યાબંધ મા–બાપો એવા છે કે જેઓ પોતાના મોજશોખ અને ઐયાસી કરવા માટે સંતાનોના આરોગ્ય, નીતિમત્તા અને કારકિર્દીનો ભોગ આપે છે. આ મુદ્દા પર આપણો સમાજ માંદો છે. જેવું મા–બાપનું છે તેવું સંતાનોનું પણ. સંતાનો પણ કમાણી કરતાં થાય છે ત્યારે અને ત્યારબાદ મા–બાપને રઝળાવી દે છે. આખા કૌટુંબિક માળખામાં રૅશનાલિઝમનું જાણે કે સ્થાન જ નથી. કુટુંબોમાં પણ સ્વાર્થાંધતાની ભયંકર રમતો ચાલે છે.

**હચમચાવી નાંખતા આંકડા :** એટલું આશ્વાસન છે કે જુદા જુદા ક્ષેત્રોમાંની પરિસ્થિતિ દર્શાવતા આંકડા સમયાંતરે પ્રસિદ્ધ થાય છે. હમણાં બાળકોને લગતા આંકડા જાહેર થયા છે. આ આંકડા પુરવાર કરે છે કે આપણો સમાજ ખરેખર માંદો છે.

ગુમ થયેલી બાળકીઓનો છેલ્લા પચાસ વર્ષ સમાવતો આંકડો જાહેર થયો છે. દુનિયામાં ચૌદ કરોડ બાળકીઓ ગુમ થઈ ગઈ છે. એમાંથી પાંચ કરોડ બાળકીઓ ભારતમાં ગુમ થઈ છે. ભારતમાં એક હજાર બાળકીઓ જન્મે છે તેમાંથી ૧૧૧ બાળકીઓ પાંચ વર્ષની થાય તે પહેલા મરી જાય છે ! દુનિયામાં આ આંકડા આપણને બીજા નંબરનું સ્થાન અપાવે છે. આપણો સમાજ માંદો અને અવિવેકી નહીં તો શું ? આ આંકડા એમ સૂચવે છે કે હજી આજે પણ આપણે મહિલાઓને ‘નીચી’ ગણીએ છીએ અને સેક્સ માણવાનું રમકડું જ સમજીએ છીએ. પરિસ્થિતિની કરુણતા એ છે કે દીકરીઓ પર સૌથી વધારે હુમલા એના પોતાના ઘરમાં જ અને એના મા–બાપ, અન્ય વડિલો તેમ જ મોટી ઉંમરવાળા ભાઈઓ કરે છે. આપણે ત્યાં દીકરીઓ માટે સૌથી વધારે અસલામત સ્થાન એનુ પોતાનું ઘર છે ! અરે, બિહાર અને રાજસ્થાનમાં તો ગર્ભધારણ કરતી સ્ત્રીઓમાં દશ ટકા સ્ત્રીઓ તો સોળ

વર્ષની પણ હોતી નથી. આ સ્ત્રીઓના સંતાનોની તંદુરસ્તી ઓછી જ હોય એ સમજાય તેવું છે. સાચે જ આપણો સમાજ માંદો છે. ઈર્‌રેશનલ છે. મોટા ભાગની સ્ત્રીઓ આપણે ત્યાં અનિચ્છાએ ગર્ભધારણ કરે છે. પરિણીત સ્ત્રીઓ પર પતિઓના નેવુ ટકા શયનખંડમાં બળાત્કાર જ કરે છે ! સ્ત્રીને એના શરીર માટે નિર્ણય લેવાનો હક આજે પણ નથી.

રૅશલિસ્ટોએ સમાજની આ અને આવી અન્ય માંદગી પરત્વે ધ્યાન આપવાની ખાસ જરૂર છે. માનસિક અને શારીરિક રીતે સમાજ જો માંદો જ રહેવાનો હોય તો લોકો સ્વસ્થતાપૂર્વક અને વિવેકબુદ્ધિએ વિચારે એવી અપેક્ષા રાખી શકાય નહીં. તેમાં વળી એમની માંદગીને અનુરૂપ એમને આધ્યાત્મ અને ધર્મના રવાડે ચઢાવી દેવાય એટલે પ્રજાને સમજ જ પડવાની નથી કે સમાજ કેટલો માંદો છે. ધર્મ અને આધ્યાત્મ લોકોને એટલા બધા સ્વકેન્દ્રી બનાવે છે કે જેથી લોકો સ્વાભાવિકપણે બોલતા હોય છે કે, 'તારુ પાપ તારી સાથે, મારું પાપ મારી સાથે !' આ પ્રકારના સંવાદો પતિ–પત્ની, મા–બાપ–સંતાનો અને સંતાનોની વચ્ચે પણ સહજતાથી થાય છે. આટલી બધી જેમાં સ્વકેન્દ્રિતા છે એ ધર્મ અને આધ્યાત્મ સમાજને તંદુરસ્ત બનાવશે એવી આશા રાખવી વ્યર્થ છે. આ કામ તો રૅશનાલિસ્ટોએ જ કરવાનું છે.

---

(ચાલુ પાના નં.–૨ ઉપરનું)

મુદ્દો ચગ્યો એટલે ફીરકી લઈને આ ઠેકેદારો માર્કેટિંગ માટે હાજર થઈ ગયા. અનેક જગ્યાએ એમને બચાવી લેવા માટેના યજ્ઞ તેમ જ હોમ–હવન થયા. પ્રાર્થના સભાઓ થઈ. મુદ્દો એટલો અનિશ્ચિત હતો કે તર્કના આધારે જ્યોતિષીઓ ભાવિ ભાખી શકે એમ નહોતા. આથી એકાદ અપવાદ સિવાય કોઈ ભાવિ ભાખી શક્યું નહિ. દશ વાર જીતેલી ભારતની ટીમ જેવો કોઈ ઈતિહાસ હતો નહીં કે જેથી તર્ક દોડાવી શકાય. આમ છતાં, બીજાઓ તો ધર્મના નામે મંડી પડયા. મજૂરોને બહાર કાઢવાનું કામ વિજ્ઞાન, વિજ્ઞાનસર્જિત ટૅકનોલૉજી, નિષ્ણાતોનું વિશિષ્ટ જ્ઞાન, આયોજન, સંકલન અને પરિણામલક્ષી શ્રમ જ કરી શકે. એમાં ધર્મના કોઈ માર્કેટીંગની જરૂર જ નહોતી. આ કોઈ એકલ દોકલ વ્યક્તિ છે એટલે બધું 'મુમકિન' છે જેવો દાવો કરવા જેવું કામ જ ન હોતું. સતત અનિશ્ચિતતા હતી. એની વચ્ચે વિજ્ઞાનથી માંડી પરિણામલક્ષી શ્રમને કારણે તેઓ હેમખેમ બહાર આવ્યા. બહાર આવ્યા એટલે સફળતા નિશ્ચિત થઈ. તરત જ ધર્મના ઠેકેદારોએ જાહેરાત કરવા માંડી કે એમનાં અનુષ્ઠાનોને કારણે એ સફળતા મળી. વળી કેટલાક સ્પ્રિંગ બોર્ડ પરથી કૂદકો મારવામાં રહી ગયા હતા એટલે એમના બહાર નીકળ્યા પછી વિધિ–વિધાન કર્યા. આ બધા ગતકડાં એમણે કરવા જ પડે. તો જ ધર્મ ચાલે ! આમ છતાં એટલી ટકોર તો છેલ્લે કરવી પડે કે ક્યાં, ક્યારે અને કોની સમક્ષ માર્કેટિંગ કરવા જેવું છે તે માટે તેઓ વિવેકબુદ્ધિ વાપરે.

# ધર્મ : ભાગલા પાડો રાજ કરો

**પ્રેષક : સુરેન્દ્ર પટેલ**
**Mo-78742 28388**

**(લે. : હરિદત્ત શર્મા 'ગૃહશોભા'ના ઓક્ટો.-૨૩નો લેખ ટૂંકાવીને સાભાર)**

જો લોકોમાં ડર અને નફરતનું ઝેર ભરી દેવામાં આવે તો તેમને ખૂબ સરળતાથી સંગઠિત કરી શકાય છે. તેનો નમૂનો આપણે છેલ્લા ૩૦ વર્ષથી જોઈ રહ્યા છીએ. નફરત ફેલાવવા જેવાં કાર્યો માટે ધર્મ સૌથી વધારે સુલભ અને સસ્તુ ઝેર છે, જેનો ઉપયોગ દાયકાથી શાસક વર્ગ તથા ધર્મગુરુ કરતાં આવ્યા છે.

મતોની રાજનીતિ માટે ધર્મરૂપી ઝેરનો ઉપયોગ લગભગ તમામ રાજકીય પક્ષો કોઈ ને કોઈ રીતે કરી રહ્યા છે.

કેટલાક પક્ષો મુસલમાનોને દેશદ્રોહી સાબિત કરીને હિંદુઓના મતો પોતાની તરફેણમાં કરી લેવા ઈચ્છે છે. લોકોના વિકાસ અને તેમની સમસ્યાના ઉકેલની કોઈને પણ ચિંતા નથી.

લોકસભા તથા રાજ્યસભામાં  ચાલતી ચર્ચા પણ સામાન્ય પ્રજાને એ જ સંકેત આપી રહી છે કે ધર્મની આડમાં સત્તાને કેવી રીતે જાળવી રાખવામાં આવે અથવા સત્તાને કેવી રીતે મેળવી લેવામાં આવે. હવે કોઈ પણ પાર્ટી નથી ઈચ્છતી કે હિંદુ–મુસ્લિમ વચ્ચે ભાઈચારો જળવાઈ રહે.

**ધર્મના નામે વહેંચાયેલા રહો.**

નેતાઓ તથા ધર્મગરુની રોજીરોટી એ વાત પર નિર્ભર રહે છે કે લોકો ધર્મના નામે વહેંચાયેલા રહે. ધર્મના નામે અને જાતિના નામે લોકોને ખૂબ સરળતાતી વહેંચી શકાય છે. પૂરી કોમ કે જાતિને સંગઠિત રાખવા માટે આ ધર્મરૂપી ઝેરનો ઉપયોગ કરવામાં આવે છે.

ધર્મની આડમાં લાખો નિર્દોષ લોકોને જેલમાં બંધ કરી દેવા અને શસ્ત્રહીન, ગરીબ પર બોમ્બ વર્ષા કરવાને પણ પુણ્યનું (?) કામ ઠેરવી દેવામાં આવે છે. સામાજિક દૂષણોને પણ યોગ્ય માનીને તેને સન્માન  આપવામાં આવે છે.

રશિયા અને યુક્રેનના યુદ્ધમાં મોસ્કોના ઓર્થોડોકસ ચર્ચની ખૂબ મોટી ભૂમિકા રહી છે, જે રશિયન આક્રમણને 'હોલી' કહે છે.  પોતાના પૂર્વગ્રહોને બાજુમાં મૂકીને એકવાર ખુલ્લા મને તાર્કિક મગજથી વિચાર કરીએ તો એ વાત પૂરી રીતે સ્પષ્ટ થશે કે ધર્મ જ સંસારમાં સૌથી મોટો રોગ છે.

**આવી ઘટના પાછળ કોણ ?**

માનવતાના ફેલાવા દરમિયાન ધર્મગુરુના મનમાં એ વિચાર પેદા થયો કે ધર્મના નામે યુદ્ધ લડી શકાય છે અથવા યુદ્ધ ધાર્મિક હોઈ શકે છે. ધર્મગુરુએ લોકોના મનમાં એ વાત બેસાડી દીધી હતી કે માતૃભૂમિનું રક્ષણ કરતા જે કોઈ વ્યક્તિ પોતાનો પ્રાણ ગુમાવે છે તે સીધો સ્વર્ગમાં જાય છે. રામાયણ અને મહાભારતના યુદ્ધને આ ધર્મગ્રંથની કલ્પિત કથામાં ધર્મયુદ્ધ કહેવામાં આવ્યું હતું. લગભગ આવી તમામ ઘટનાની પાછળ કોઈને કોઈ ધર્મગુરુ રહ્યા છે.

શાસક વર્ગે પણ પોતાનો સ્વાર્થ સાધવા માટે ધર્મગુરુની સહાયતાથી ધર્મનો ખૂબ ખૂલીને દુરુપયોગ કર્યો છે. બીજી તરફ ધર્મગુરુએ પોતાની આજીવિકા તથા વર્ચસ્વ જાળવી રાખવા માટે શાસકવર્ગને પૂરેપૂરો સાથ આપ્યો, અને ધર્મની આડમાં સામાન્ય પ્રજાને મૂરખ બનાવી.

હકીકત એ છે કે વ્યક્તિ હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી અથવા બૌદ્ધ છે, કારણ કે તેનાં માતાપિતા તે ધર્મમાં શ્રદ્ધા ધરાવતા હતા અને તેનું પાલન કરતાં હતાં. જેવા ધાર્મિક સંસ્કાર તેમને પોતાના પરિવાર પાસેથી મળ્યા હોય છે, તેનુ તેઓ આજીવન પાલન કરતા રહ્યા છે.

એક ધર્મના અનુયાયી બીજા ધર્મના અનુયાયીને પોતાના શત્રુ માની રહ્યા છે અને તેમની હત્યા કરી નાંખવાને ધર્મનું કાર્ય માની રહ્યા છે. બીજા ધર્મના ધાર્મિક સ્થાનને તોડી નાખવા તથા સળગાવી દેવાના કામ એ લોકો કરી રહ્યા છે, જે સ્વયંને આસ્તિક તથા ધર્મના સાચા અનુયાયી માની રહ્યા છે. મજાની વાત એ છે કે જે વાતને લોકો ધર્મ માની રહ્યા છે તે માણસને માણસથી તોડવાનું કામ કરે છે, એકબીજા સાથે જોડવાનું નહીં. કાલ્પનિક ઈશ્વરના બહાને જે ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે સંસારમાં હજારો ધર્મ તથા મત ચાલી રહ્યા છે, તેમનો કોઈ પણ અનુયાયી આજસુધી એ ઈશ્વરના દર્શન નથી કરી શકયો, કારણ કે પ્રત્યેક ધર્મના લોકોના મનમાં એક કાલ્પનિક ઈશ્વરનું પોતીકું ચિત્ર બેસાડી રાખવામાં આવ્યું છે. આજ કારણ છે કે વ્યક્તિ ઈશ્વરના અસ્તિત્વ પર વિશ્વાસ કરવા લાગે છે અને તેને મેળવવા માટે મુશ્કેલ ઉપાય કરવા લાગે છે. માનસિક નિરીક્ષણ દ્વારા એ કાલ્પનિક ઈશ્વરના દર્શન કરી લે છે, જેનું ચિત્રણ તેણે પોતાના માનસપટ પર બનાવી રાખ્યું હોય છે.

આજ કારણ રહ્યું છે કે હિંદુઓને માત્ર રામ, કૃષ્ણ, શિવ વગેરેના દર્શન થાય છે. મુસલમાનોને માત્ર અલ્લાહના અને ખ્રિસ્તિઓને માત્ર ઈસુખ્રિસ્તના દર્શન થાય છે. બૌદ્ધોએ આ છબી બનાવવા માટે મોટી મૂર્તિ બનાવી.

આ એક મનોવૈજ્ઞાનિક તથ્ય અને વિશેષતા છે કે માનવ મનની વાતમાં આપણે દ્રઢ વિશ્વાસ કરી લઈએ છીએ. આપણું મન તેનું ચિત્ર જોવા લાગે છે. આ જ કારણસર જે લોકો ઈશ્વરને પ્રત્યક્ષ જોયા હોવાનો દાવો કરે છે, ઈશ્વર માત્ર તેમને જ દેખાયા હોય છે. આસપાસના બીજી કોઈ વ્યક્તિને નહીં.

જ્યારે વ્યકિત વિક્ષિપ્ત અવસ્થામાં હોય છે, ત્યારે તેને આકાશવાણી પણ સંભળાવા લાગે છે અને ઈશ્વરની આકૃતિ પણ દેખાવા લાગે છે.

બધા ધર્મ શ્રદ્ધા, અંધશ્રદ્ધા તથા જૂઠા ચમત્કારના સહારે ચાલી રહ્યા છે. બધા ધર્મોએ પોતાના ધર્મના દેવીદેવતા સાથે ઘણા બધા પ્રકારની ચમત્કારની કહાણીને જોડી રાખી છે. બધાં ધર્મ એવું આશ્વાસન આપતા હોય છે કે જે કોઈ તેમના ધર્મનો વિશ્વાસ કરશે, તેની બધી મનોકામના પૂરી થશે અને મૃત્યુ પછી તેને સ્વર્ગમાં સીધું સ્થાન મળશે અથવા જન્મ–મરણના ફેરામાંથી મુક્તિ મળશે.

જો કે વાત પણ સાચી છે કે સામાન્ય જનતા પણ બધા ધર્મો પાસેથી ચમત્કારની આશા રાખે છે અને એ ચમત્કારોને જોવાની ઈચ્છામાં તેમનો વિશ્વાસ અંધશ્રદ્ધામાં ફેરવાઈ જાય છે. દરેક ધર્મમાં ચમત્કારોની કહાણી છે, જેનો ન કોઈ તાર્કિક આધાર છે કે ન આજે તેવું ફરીથી થઈ શકે છે. તે માત્ર ધર્મનાં પુસ્તકોમાં છે.

ધર્મગુરુ લોકોને હંમેશાં એવી શિખામણ આપે છે કે જ્યાં સુધી તમે ધર્મની વાતમાં સંપૂર્ણ વિશ્વાસ તથા શ્રદ્ધા નહીં રાખશો ત્યાં સુધી તમને ઈશ્વર કયારેય નહીં મળે. પછી આવી ધાર્મિક વિચાર શૂન્યતાના લીધે ધાર્મિક વ્યક્તિ સમય જતા અંધશ્રદ્ધાળુ બની જાય છે. પોતાના પ્રાણ સુદ્ધાનું બલિદાન આપવા તૈયાર થઈ થાય છે. આ ઈશ્વરને પ્રાપ્ત કરીને તમે શું કરશો તે વાતને સમજાવવાની ચિંતા ધર્મગુરુ નથી કરતા. ઈશ્વરના મળવા પર તેમની પાસે ધનદોલત, ભરપુર ભોજન, સુંદર મહિલા સ્વાસ્થ્ય વગેરે આપમેળે મળે. ધર્મ એ દુનિયાનો સૌથી મોટો ધંધો છે.

ધર્મના ઉન્માદથી લોકોને બચાવવાનું કામ આજે ઘણા બધા દેશના બંધારણ કરી રહ્યા છે. ધર્મગુરુ હવે આ બંધારણની પાછળ પડી ગયા છે. ભારતમાં બંધારણના રક્ષકો રામમંદિર જેવા અતાર્કિક નિર્ણય બંધારણના નામે ધર્મના રક્ષણ માટે આપે છે, અને અમેરિકામાં મહિલાઓને ગુલામીમાં ધકેલનાર ચુકાદા પણ આપે છે.

બધા ધર્મ મહિલાઓ અને કમજોરને ગુલામીની હદ સુધી રાખે છે. જેથી સક્ષમ અને હોશિયાર લોકો ધર્મના સહારે પોતાના જીવનને સુખી સમૃદ્ધ બનાવી શકે.

# પૂર્વજન્મ : પ્રાકૃતિક પ્રક્રિયાની દ્રષ્ટિએ

**–એન. વી. ચાવડા**

જો પૂર્વજન્મ હોય તો એ સંપૂર્ણપણે પ્રાકૃતિક ઘટના છે. અર્થાત્ એ કોઈ ધાર્મિક કે અલૌકિક ઘટના નથી. પૂર્વજન્મ શરીરનો યાને દેહનો થાય છે. મનુષ્ય દેહ પ્રકૃતિની રચના છે. તેથી જે દેહનો પૂર્વજન્મ હોય તો તેની રચનાની ઘટના પ્રાકૃતિક જ હોય, અથવા પ્રકૃતિના નિયમો અનુસાર જ હોય. તેથી દેહનો પૂર્વજન્મ છે કે નહીં તે જાણવા માટે દેહની ઉત્પત્તિની પ્રાકૃતિક પ્રક્રિયા જાણવી અને સમજવી પડે. પૂર્વજન્મ છે કે નહીં તે સમજવા માટે ચાલો આપણે સૌ સાથે મળીને આપણા દેહના ઉદ્‌ભવની પ્રક્રિયાને જાણીએ–સમજીએ.

આપણે સૌ જાણીએ છીએ કે આપણો સૌ પ્રથમ ઉદ્‌ભવ આપણી માતાના ગર્ભમાં થયો છે. આપણા પિતાના દેહમાંના એક સૂક્ષ્મ શુક્રકણનું અને માતાના દેહમાના એક સૂક્ષ્મ રજકણનું આપણી માતાના ગર્ભમાં જ્યારે મિલન થયું ત્યારે આ જગતમાં સૌ પ્રથમ વાર આપણો જન્મ થયો છે. આપણો પ્રથમ વાર જન્મ થયો ત્યારે આપણું અર્ધુ શરીર આપણા પિતાના અને અર્ધુ શરીર આપણી માતાના દેહમાંથી આવ્યું છે. એનો અર્થ એમ થાય કે આપણે આપણી માતાના ગર્ભમાં જ્યારે પ્રથમ વાર પ્રગટ થયા ત્યારે તે પહેલા જગતમાં આખા શરીર રૂપે કયાંય નહોતા. અર્થાત્ આપણો તે પહેલાંનો કોઈ પૂર્વજન્મ કયાંય હતો જ નહીં, વળી પિતાના શુક્રકણમાં ચેતના પ્રથમથી જ હતી અને માતાના રજકણમાં પણ હતી. તેથી જ તો એ બંનેનું મિલન શકય બન્યું હતું. બંને કણોની ચેતનાનું મિલન થવાને કારણે માતાના ગર્ભમાં આપણો વિકાસ શક્ય બન્યો હતો. એનો અર્થ એમ થાય કે આપણા શરીરમાંની ચેતના વારસાગત છે. આપણાં માતા–પિતા દ્વારા પ્રદત છે. જેમાં બહારની કોઈ ભટકતી ચેતનાની આવશ્યકતા જ નથી. તેથી આપણા પ્રથમ વાર ઉદ્‌ભવ પામેલા માતાના ગર્ભમાંના દેહમાં બહારથી ‘આત્મા’ આવતો નથી કારણ કે માતાના ગર્ભમાં પ્રથમવાર ઉદ્‌ભવેલ આપણો દેહ પારંપરિક રીતે ‘આત્માયુક્ત’ જ હોય છે. કેટલાંક ધર્મપ્રચારકો એવું જણાવે છે કે કોઈક વૃદ્ધ–જર્જરિત થયેલ દેહમાંથી આત્મા બહાર નીકળી જઈને બીજો નૂતન તાજો દેહ ધારણ કરે છે, પરંતુ દેહની ઉત્પન્ન પ્રક્રિયા જણાવે છે કે જગતમાં કોઈ દેહ ચેતના વગરનો પેદા થતો જ નથી. ચેતનાના પારંપરિક અસ્તિત્વને કારણે દરેક નૂતન દેહ ‘આત્માયુક્ત’જ હોય છે. એનો અર્થ એમ થાય કે જે દેહનું મૃત્યુ થાય છે તેની ચેતના બીજે કયાંય બહાર જતી નથી, પરંતુ શરીરમાં જે સતત ઉત્પન્ન થતી હતી તે બંધ થઈ જાય છે.

# માનસ મુક્ત હોય તો ધર્મ અને શ્રદ્ધાની જરૂર રહેતી નથી

**–અશ્વિનકુમાર કારીઆ**

ધર્મ નેતાઓ માનવવાદીઓ, રૅશનાલિસ્ટો કે નાસ્તિકો સામે એવી દલીલ કરે છે કે, દુનિયામાં કોઈ એવું અલૌકિક કે ઈશ્વરીય તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે કે જે આપણું જીવન નિયંત્રિત કરે છે, જીવનનું માર્ગદર્શન કરે છે. જીવન શુદ્ધ બનાવે છે. ટૂંકમાં કહીએ તો પેલી જૂની કહેવતની યાદ અપાવે છે કે 'ઈશ્વર'ની ઈચ્છા વગર ઝાડનું એકેય પાંદડું ફરકતું નથી. 'રૅશનાલિસ્ટો, માનવવાદીઓ અને ધર્મનિરપેક્ષ સમર્થકો માટે આ પડકાર છે. જો કે આપણે સમજીએ છીએ કે આ તર્કવિહીન અને અવૈજ્ઞાનિક દલીલ છે, પરંતુ મોટા ભાગના લોકો આ વાત સાથે સંમત થતા નથી.

આમ જનતાને અલૌકિક તત્વમાં શ્રદ્ધા હોવાનું દેખાઈ આવે છે. તેનાં કારણોમાં અજ્ઞાનતા, અજ્ઞાત ડર અને પોતાના વિચારો, લાગણીઓ કે કળાની અભિવ્યકિત માટે પૂરતી તકનો અભાવ, વગેરે હોઈ શકે. ભય અને આ અજ્ઞાનતા દૂર કરવાનું કામ મુશ્કેલ છે. તે માટે તટસ્થ અને હેતુલક્ષી માનસની જરૂરિયાત છે. તેનાં પ્રથમ કદમ તરીકે અગાઉથી માનસમાં નંખાયેલ પૌરાણિક વાર્તાઓ અને પૂર્વગ્રહયુકત માનસ મુકત થવું જોઈએ. આપણા દેશમાં સામાન્ય રીતે બાળક ૧–૨ વર્ષનું થાય ત્યારથી તેને મંદિરે લઈ જઈ ઘંટ તેની પાસે વગડાવી, મૂર્તિને બે હાથ જોડી નમન કરવાનું શીખવાડવામાં આવે છે. ૧૮ વર્ષે પુખ્ત વયનો થાય ત્યાં સુધી તેના માનસમાં આ ટેપ ચાલતી જ રહે છે. કારણ કે બાળક જેટલું ધાર્મિક તેટલું સંસ્કારી એવી એક ખોટી સમજ સમાજમાં પ્રવર્તે છે. આવાં બાળકો એમ માને છે કે તેમનાં માતા–પિતાએ અપનાવેલ ધર્મ જ શ્રેષ્ઠ છે. ધીમે ધીમે આ માન્યતા સજ્જડ થતી જાય છે. ખરખર તો બાળકને ૧૮ વર્ષ સુધી કોઈ ધાર્મિક શિક્ષણ આપવું જોઈએ નહીં. પુખ્ત વયના થયા બાદ તેમને તેમની મેળે ધર્મ પસંદ કરવાની છુટ હોવી જોઈએ. કારણ કે બાળ માનસમાં શરૂઆતથી થોપેલ ધાર્મિક માન્યતાઓનાં કારણે માનસ જડસુ બની જાય છે. ક્યારેક તો આવા માનસમાં જો ધાર્મિક ઝનૂન પ્રવેશે તો ભવિષ્યમાં સમાજ માટે ઘણું નુકસાન કરી શકવાની ક્ષમતા પણ પેદા કરી શકે છે.

આ માટે તેના બીજા પગલાં તરીકે દરેક પુખ્ત વયના માનવે પોતાનાં જીવનનાં દરેક પાસા વિશે પરલક્ષી દ્રષ્ટિકોણ (objective attitude) થી વિચાર કરવો જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો વૈજ્ઞાનિક અભિગમ (Scientific temper) કેળવવાની જરૂર છે. એટલે કે પરાપૂર્વથી ચાલી આવતી ઈશ્વર, દેવ–દેવતાઓ, સ્વર્ગ કે નરક વિશેની માન્યતાઓ કોરાણે મૂકી વિચારતા થવું જોઈએ. તટસ્થ અને પરલક્ષી માનસથી વૈજ્ઞાનિક

અભિગમ કેળવી શકાય છે. ભારતના બંધારણ અનુચ્છેદ 51A(4) માં દરેક વ્યકિતની વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની ફરજનો ઉલ્લેખ પણ થયો છે. જો અને જ્યારે વૈજ્ઞાનિક અભિગમ કેળવાય ત્યારે ઈશ્વર, દેવી–દેવતા, સ્વર્ગ–નરક વિશેની અગાઉથી થોપાયેલ માન્યતાઓ આપમેળે અદ્રશ્ય થશે.

સદીઓથી કહેવાયું છે કે માનવ સામાજિક પ્રાણી છે. આપણા સમાજે અનેક બાબતોમાં નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. જેમકે ચંદ્રયાન–૩ નું સફળ ઉતરાણ. પરંતુ આપણો સામાજિક માહોલ એવો છે કે આપણા માનસમાં હજુ પણ જૂના અસ્પષ્ટ, અવૈજ્ઞાનિક વિચારો આ ૨૧ મી સદીમાં અને અવૈજ્ઞાનિક યુગમાં વિહરે છે. આ અવૈજ્ઞાનિક અને પરંપરાગત માન્યતાઓનાં કારણે જ આપણે ઈશ્વરીય કે અલૌકિક તત્ત્વમાં શ્રદ્ધા ધરાવતા થઈએ છીએ. વળી તેનાં કારણે બાળકોને પોતાની જિજ્ઞાસાયુકત લાગણીઓ કે કળા વ્યકત કરવા પૂરતી તકોનો અભાવ સર્જાય છે. આવા વાતાવરણનાં કારણે જ આપણે જોઈએ છીએ કે શાળા–કોલેજોમાં વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછતા કે પોતાની જિજ્ઞાસા પ્રગટ કરતા ખચકાય છે.

તો તટસ્થ અને પરલક્ષી દ્રષ્ટિકોણ માટે ચાલો, આપણે વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની બંધારણીય ફરજ બજાવીએ.

---

## અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રૅશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતી–ભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ. ઓ.થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# કલિયુગ

–પ્રવિણ ગઢવી

સનાતન ધર્મીઓ ખાસ કરીને બ્રાહ્મણો હાલના સમયને કલિયુગ કહે છે. મત્સ્યપુરાણ મુજબ તે ચાર લાખ બત્રીસ હજાર વર્ષનો છે. ભાગવત મુજબ જ્યારે તે સપ્તર્ષિ મઘા નક્ષત્રમાં પ્રવેશે ત્યારે કલિયુગનો પ્રારંભ થાય. તેને હાલ પાંચ હજાર સૌર વર્ષ થયા. પુરાણોની વાત છોડો. સામાન્યતઃ રામકૃષ્ણ પછી બુદ્ધ–મહાવીરથી કલિયુગ શરૂ થયો એમ માની શકાય, કેમ કે વેદ પુરાણનો સુવર્ણ યુગ કે સતયુગ ત્યારે પૂરો થયો !

ભાગવત પુરાણના બારમા સ્કન્ધના બીજા અધ્યાયમાં 'કલિયુગના ધર્મો'માં કલિયુગનું વર્ણન કરવામાં આવ્યું છે.

કલિયુગમાં ધનિક જ કુલીન, સદાચારી ગણાશે. લગ્નોમાં કુળ–ગોત્ર જોશે નહિ, પરંતુ પ્રેમ–ગાંધર્વ લગ્નો થશે. કપટીને વ્યવહારુ માનવામાં આવશે. સ્ત્રી–પુરુષ સંયમથી નહિ, પરંતુ રતિક્રીડાથી જ શ્રેષ્ઠ મનાશે. બ્રાહ્મણ તેના ગુણ–સ્વભાવથી નહિ, કેવળ જનોઈથી ઓળખાશે ! લાંચ આપીને ન્યાય મેળવી શકાશે. ચતુર નર પંડિત ગણાશે. ગરીબને ગુનેગાર માનવામાં આવશે. દંભી–પાખંડીને મહાન સાધુ માનવામાં આવશે. આજીવિકા જ પુરુષાર્થ મનાશે. જુઠ્ઠાને સાચો માનવામાં આવશે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર પૈકી જે બળવાન હશે. તે રાજા થશે. રાજાઓ બેફામ કરવેરા નાંખશે. કલિયુગમાં મનુષ્યનું આયુષ્ય વીસ કે ત્રીસ વર્ષનું રહેશે.(વાસ્તવમાં આયુષ્ય વધ્યું છે) ધર્મમાં પાખંડ પ્રવર્તશે. ચોર–લૂંટારા–ડાકુ–રાજા થશે. ત્રણેય વર્ણના લોકો શૂદ્ર જેવા થશે. આ કલિયુગમાં શંભલ નામના ગામમાં વિષ્ણુયશ નામે એક શ્રેષ્ઠ બ્રાહ્મણ જન્મશે. જે વિષ્ણુનો દશમો અવતાર કલ્કિ થશે.

કલિયુગનું આવું જ વર્ણન હરિવંશપુરાણમાં મળે છે. કશ્યપ ગોત્રીય બ્રાહ્મણ સેનાની થશે. તે અશ્વમેઘ યજ્ઞો શરૂ કરશે. કલિયુગમાં ક્ષત્રિયો ઉપરાંત અન્ય વર્ણોના રાજા થશે. બ્રાહ્મણ શૂદ્રોનું કામ કરતા થઈ જશે. ધનુષબાણ અર્થાત્ શસ્ત્રધારક થશે. મલેચ્છો મધ્યદેશમાં આવીને વસશે. મધ્યદેશવાળા (આર્યો) મલેચ્છોના દેશમાં જશે ! ક્ષત્રિયો–વૈશ્યો–વેપારી થઈ જશે. દરેક લોક દ્વિજ થવા પ્રયાસ કરશે. વિદ્વાનો શાસ્ત્રાભ્યાસ કર્યા સિવાય એના અર્થોનું વિવરણ કરશે. આ વિદ્વાનો બ્રાહ્મણ ક્ષત્રિય કહેવાશે. ક્ષત્રિયો ચોરી–લૂંટ, કરશે. શૂદ્ર લોકો પવિત્ર આચારવિચાર ગ્રહણ કરશે. (આ સત્ય વચન !)

કન્યાવિક્રય કરનારા મોટા મોટા યજ્ઞોનું આયોજન કરશે. સ્ત્રીઓ–પુરુષો દુરાચારી થશે. વગેરે વગેરે સામાન્ય રીતે જે સતયુગમાં હોય તેથી ઉલટું કલિયુગમાં થાય. એવું દેવાયત પંડિત જેવા આગમકારો કહેતા આવ્યા છે.

વિષ્ણુ પુરાણના છઠ્ઠા અંશના બીજા અધ્યાયમાં પણ વ્યાસ દ્વારા કલિયુગનું વર્ણન આપવામાં આવ્યું છે. કયા સમયે થોડુંક પુણ્ય વધુ ફળ આપે તેવું પૂછવા મુનિઓ વ્યાસ પાસે ગયા, ત્યારે તે ગંગાજળમાં ઊભા હતા. ડૂબકી મારીને બહાર આવતા વ્યાસે કહ્યું કે, કલિયુગ જ શ્રેષ્ઠ. શૂદ્રો જ શ્રેષ્ઠ છે. વળી ડૂબકી મારી કહે, સ્ત્રીઓ જ સાધુ છે. સતયુગમાં જે ફળ દસ વર્ષની તપસ્યા થકી મળે તે કલિયુગમાં એક દિવસમાં મળે છે કે બ્રાહ્મણોએ સંયમમાં રહેવું પડે છે. વ્રત–ઉપવાસ કરવા પડે છે, પરંતુ પાકયજ્ઞના અધિકારી શૂદ્રો દ્વિજોની સેવા માત્રથી સદગતિ પ્રાપ્ત કરે છે. માટે શૂદ્રો શ્રેષ્ઠ છે ! વળી એને ખાન–પાનનો બાધ નથી. લો સાંભળો. શૂદ્રોએ તો દ્વિજોની જ સેવા કરવી રહી ! એવી જ રીતે સ્ત્રીઓ માત્ર પતિસેવા કરે તો પણ પુણ્ય કમાય છે. તેથી સ્ત્રીઓને સાધુ કહી. અર્થાત્ સ્ત્રીઓએ દાસીની જેમ પતિસેવા જ કરવાની ! દુષ્ટ કલિયુગમાં હરિકીર્તન કરવાથી જ પરમપદ પ્રાપ્ત થાય છે. એટલે રોજ ભજન કરો, શંખ વગાડો, શંખ ફૂંકો–એટલે હરિ હરિ !

વરાહ પુરાણમાં પ્રકરણ–૭૩માં કલિયુગનું જરા જુદી રીતે વર્ણન મળે છે. દંડકારણ્યમાં ગૌતમ ઋષિનો આશ્રમ હતો. ધન–ધાન્યથી ભરપૂર હતો. એવામાં બાર વર્ષનો દુકાળ પડયો, પરંતુ ગૌતમને બ્રહ્માના આશિર્વાદ (વરદાન)ના કારણે તકલીફ નહોતી. તેથી આસપાસના બ્રાહ્મણોને બોલાવી આશરો આપ્યો. આખરે વર્ષા થતા બ્રાહ્મણો તીર્થયાત્રા જવા નીકળ્યા. ત્યારે કેટલાક કૃતજ્ઞી બ્રાહ્મણોએ આભાર માની ગૌતમને મહાઋષિ કહ્યા. કેટલાક કૃતઘ્ની બ્રાહ્મણોને એ ન ગમ્યું. ઈર્ષા થઈ. ‘બ્રાહ્મણ હતો અને મફતનું હતું, તે ખવરાવ્યું એમાં શી નવાઈ કરી ?’ તે બ્રાહ્મણોએ એક માંદી ગાયને યજ્ઞકુંડ તરફ દોડાવી. યજ્ઞમાં પડતા ગાય બળી ગઈ. તે કૃતઘ્ની બ્રાહ્મણોએ ઉહાપોહ મચાવ્યો. ગૌતમ ગૌહત્યારો....’ આથી ગૌતમને ક્રોધ આવ્યો અને બ્રાહ્મણોને શાપ આપ્યો કે ભવિષ્યમાં તમે યજ્ઞથી, વેદથી વિમુખ થશો. વેદ ભૂલી જશો. ધર્મ અને તીર્થને વેચનારા પંડા થશો. તમે બૌદ્ધ, જૈન થશો, નાસ્તિક થશો. માંસ–મત્સ્ય–મદિરા સેવતા થશો. તમે માતા, પુત્રવધૂ, ભગિની, પરદાસભોગી થશો. આ કથા શિવપુરાણ અને દેવી ભાગવતમાં પણ છે.

કલિયુગનું વર્ણન સૂતો–પુરાણીઓ–બ્રાહ્મણોને પ્રિય વિષય રહ્યો છે. અનેક પુરાણોમાં તે જુદી જુદી રીતે વર્ણવાયો છે.

પરંતુ તેનો ટૂંકસાર એટલો જ કે, બ્રાહ્મણોને મન કલિયુગ એટલે બ્રાહ્મણોનો ક્ષય અને શૂદ્રોનો જય !

આજે લોકશાહી તંત્રવ્યવસ્થા દ્વારા કાયદાનું શાસન ચાલે છે. માનવઅધિકારોને અને 'સર્વને સમાન તક'ને કમ સે કમ બંધારણીય કાયદા દ્વારા રક્ષણ મળે છે. સર્વ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. રાજકીય–શાસકીય અનામતને કારણે દલિતો પછાતોને સરકારી સેવાનો લાભ મળે છે. તેથી આજનો યુગ જ ખરેખર સતયુગ કહેવાય. બાબાસાહેબ આંબેડકરના બંધારણે ભારતમાં સતયુગની શરૂઆત કરી છે. તે બેઝિઝક કહી શકાય !

## બ્લેક હોલનું આ નવું !

હોકિંગે શોધેલું કે બ્લેક હોલ (શ્યામગર્તા)માં પ્રકાશનું જે કિરણ જાય તે બહાર નીકળી શકતું નથી કારણ કે શ્યામગર્તાનું જોરદાર ગુરુત્વાકર્ષણ એને પકડી રાખે છે. શ્યામગર્તાના પરિઘની ઉપરથી જે કિરણો જાય તેના પર વિવિધ અસર પડે છે. જે નજીક હોય તે બિચારું અંદર ડૂબી જાય છે. બીજાં કેટલાંક એટલા દૂર હોય છે કે જે નથી અંદર ડૂબી જતાં, નથી આગળ વધી શકતાં. એના પર શ્યામગર્તાનું ગુરુત્વાકર્ષણ એવી રીતે અસર કરે છે કે એ વળી જાય છે, જેમ આપણે તાકાત લગાવીને પાતળા સળિયાને વાળી નાંખીએ છીએ તેમ આમાંના કેટલાંક કિરણો ૧૮૦° ના ખૂણે એટલે કે 'ઘૂમ જાઓ' જેટલા વળી જાય છે. આવાં કિરણો જે દિશામાંથી આવ્યા હોય તે દિશામાં વળતી મુસાફરી કરવા માંડે છે ! એનો અર્થ એ કે જ્યાંથી એ કિરણો નીકળ્યા હતાં ત્યાં એ પાછા પહોંચવાના ! હવે  શ્યામગર્તા તો હજારો પ્રકાશ વર્ષ દૂર હોય છે. આથી આ કિરણો મૂળસ્થાને પહોંચે ત્યારે એણે જે દશ્યો પોતાનામાં સંગ્રહિત કર્યા હોય તે દેખાય ! રડારના રેડિયો મોજાથી આ દશ્યો જોઈ શકાય છે, આપણે આશા રાખીએ કે આવાં કિરણો આપણી પૃથ્વી પર આવે, તો આપણને હજારો વર્ષ પહેલાં પૃથ્વી પર શું બનેલું તે જોવા–જાણવાનું મળે. આમાં એક મુશ્કેલી છે. પૃથ્વી સ્વયંપ્રકાશિત નથી. એ પણ ચંદ્રની જેમ અવકાશમાં એના પર પડેલા કિરણોનું પરાવર્તન કરે છે. પરાવર્તિત કિરણો ઝાંખા હોય છે. આથી એકવાર એવું જોવાનું મળે તો જાણે દૂધિયા કાચમાંથી જોતા હોઈએ એવું દેખાય. એવું તો એવું ! આશા રાખીએ કે તેવું પણ જોવાનું મળે. રાહ જોઈએ !

# ડૉ. સુષ્મા અય્યરને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' અર્પણ સમારોહની ભીતરમાંનો બૌદ્ધિક વ્યાયામ–૨

**–સૂર્યકાન્ત શાહ**




પ્રમુખ સૂર્યકાન્ત શાહે સુવર્ણચંદ્રક અર્પણ સમારોહમાં ઉજવણી ઉપરાંત બૌદ્ધિક વ્યાયામ કરવાના પ્રયત્નને એમના વક્તવ્યમાં જણાવ્યા બાદ **મનસુખ નારિયા** એ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'ની શરુઆત કેવી રીતે થઈ તે જણાવીને અત્યાર સુધી જે મહાનુભાવોને આ ચંદ્રક અર્પણ થયો છે તેમાંના મોટા ભાગના રૅશનાલિઝમના ક્ષેત્રે સક્રિય હોવા પરત્વે આનંદ વ્યક્ત કર્યો હતો. **અતુલ પાઠકજી**એ સત્યશોધક સભાની સ્થાપનાથી માંડી આજ દિન સુધી રૅશનાલિઝમના પ્રચાર–પ્રસાર માટે પુસ્તકો–'સત્યાન્વેષણ' પ્રકાશન, ચમત્કારોના નિદર્શન, ફરેબીઓના કરતૂતોને ઉઘાડા પાડવા, વ્યાખ્યાનો ચર્ચા–સભાઓ અને આ સુવર્ણચંદ્રક અર્પણ જેવા અનેક કાર્યક્રમો કરતી રહે છે તે જણાવ્યું.

આ સમારોહમાં 'પ્રતીતિકર પુરાવાઓનું વિજ્ઞાન એટલે એલોપથી' પર નિષ્ણાત તરીકે ડૉ. પ્રકાશ ભટ્ટે પાવર પ્રેઝન્ટેશન સાથે માત્ર એલોપથી જ વિજ્ઞાનાધારિત અને પુરાવા આધારિત શુશ્રૂષા હોવાનું પુરવાર કર્યું હતું. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની શોધથી માનવજાતને પહેલીવાર સમજાવ્યું કે કોઈક અપાર્થિવ તત્ત્વ જેમાં જરાયે ફેરફાર કરી નહીં શકાય તેવા જીવ–શરીરની રચના કરતું નથી. સમયની સાથે સાથે શરીરમાં ધીમે ધીમે ફેરફારો થતા જાય છે. એનો અર્થ એ કે જરૂર પડયે શરીરની અંદર કોઈ વિકૃતિ હોય તો તે દૂર કરી શકાય. અપાર્થિવ તત્ત્વની બોલબાલા હતી ત્યારે પણ માણસને દેખાતું

હતું, સમજાતું હતુ કે જંતુના ડંસને કારણે કે ઝેરી રસાયણો ખોરાકમાં આવી જાય છે ત્યારે શરીર પર અસર થાય છે. માણસ મરી જવા સુધીની ઘટના બને છે. ઉત્ક્રાંતિવાદથી આ અનુભવને વૈજ્ઞાનિક  પીઠબળ મળ્યું. એલોપથીની વૈધિક રીતે શરૂઆત ભલે મોડી થઈ હોય, પણ આ વિચારપરિવર્તન એના પાયામાં રહ્યું. આથી ધીરે ધીરે જુદાં જુદાં રસાયણોની સંરચના અને શરીર પર અસરનો તલસ્પર્શી અભ્યાસ શરૂ થયો. આ અભ્યાસમાં પ્રયોગોનો પણ સમાવેશ થયો. આવી જ અનેક શોધોમાંથી આપણને એનેસ્થેશિયા મળ્યું કે જેણે સર્જરીને ઘણી પીડારહિત બનાવી દીધી. એવાં તો અનેક રસાયણો શોધાયાં, એનાં વારંવારના પ્રયોગો થયા. પહેલા પ્રાણીઓ પર તેને વાપરવામાં આવ્યા. એમાંથી જેની સલામતીની ખાતરી મળી તેવાં રસાયણો હજારો માણસો પર ઉપયોગમાં લેવામાં આવ્યાં. આમ કરવાથી રસાયણના ઉપયોગના કારણ થકી શરીરમાં આરોગ્ય વધારતા અને રોગ અટકાવતા પરિણામો મળે તો જ તેને દવા તરીકે સામાન્ય જનતા વચ્ચે મૂકવામાં આવી. આજે પણ એલોપથીની સામાન્યમાં સામાન્ય દવા એની આરોગ્યવર્ધક સાબિતીઓ મળે પછી વેચાણ માટે મૂકવામાં આવે છે. બજારમાં મૂકાયા બાદ પણ એના થતાં ઉપયોગના પરિણામો સતત ચકાસવામાં આવે છે. એમાંથી જે જાણવાનું મળે તેના આધારે દવામાં જરૂરી ફેરફારો કરવામાં આવે છે. હવે તો દવા બજારમાં મૂકતા પહેલાં વૈશ્વિક સ્તરે જે આકરા નિયમો બનાવવામાં આવ્યા છે તેનું પાલન થાય તો જ તે દવા બજારમાં મૂકાય છે.

સમય જતાં જીવવિજ્ઞાનમાં તદ્દન નવાં સંશોધનો થયાં. રસાયણાધારિત દવાના ઉપયોગની સાથે જનીનશાસ્ત્ર વિકસવા માંડયું. આરોગ્ય જાળવણીમાં જનીન અને ડી. એન. એ.ની ભૂમિકા હોવાનું સ્વીકારાયું. એલોપથીએ આ નવાં સંશોધનોને આધારે શુશ્રૂષા અને દવાઓમાં જરૂરી ફેરફાર થયા. આવી પરિવર્તનશીલતા માત્ર એલોપથીમાં હવે દવાઓ શરીરમાંના ખરાબાને એક લક્ષ્ય તરીકે લે છે.  શરીરના બાકીના બંધારણને જરાયે વિપરીત અસર નહીં થાય તે રીતે શરીરમાં દવા તેના લક્ષ્યસ્થાને પહોંચી ખરાબાને દૂર કરે છે. આ કરવું એ કંઈ છોકરાઓની રમત નથી. આ બહુ ખર્ચાળ અને જોખમી કામ છે. આથી દવાઓનું ઉત્પાદન હવે અબજો ડોલરની મૂડીવાળી કંપનીઓ કરતી થઈ છે. એવું અનેકવાર બન્યું છે કે કોઈ એક દવા શોધવામાં કરોડો ડોલર વેડફાઈ ગયા હોય ! એલોપથીની દવાઓ અને શુશ્રૂષા ઈશ્વર ભરોસે નહીં પરંતુ માનવ જ્ઞાનના ભરોસે ચાલે છે. દર્દીઓના રોગ પણ પુરાવાઓ મેળવ્યા પછી જ ડૉકટરો નક્કી કરે છે. આમ એલોપથીમાં સર્વત્ર પ્રતિતીકર પુરાવાઓ જ શુશ્રૂષા અને દવા નક્કી કરે છે. આ જ અભિગમે આપણા સરેરાશ આયુષ્યને ખૂબ વધાર્યું છે, આપણે વધારે નિરોગી બન્યા છીએ. આપણે વધારે

અને જલ્દી રોગમુક્ત થઈએ છીએ. આ હકીકતો આપણી નજર સમક્ષ છે તેથી આપણે બધાએ જ આપણા ભલા માટે એલોપથી વિરુદ્ધના દુષ્પ્રચારથી બચવું જોઈએ. રોગ થાય ત્યારે વહેલામાં વહેલી તકે એલોપથીના આશરે જવું જોઈએ. છેવટે તેમણે શ્રોતાઓને વિનંતી કરી કે તર્ક, હકીકત અને કાર્યકારણ સંબંધ સિવાયનાં તત્ત્વો પર આધાર રાખવો નહીં. એમને માનવા નહીં. ડૉ. ભટ્ટનું આ વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન પૂરું થતાં જ શ્રોતાઓએ એમને તાળીથી વધાવી લીધા. સૌને પોતાની જ્ઞાનવૃદ્ધિ થયાનું સમજાયું. ત્યારબાદ પ્રશ્નોત્તરી થઈ કે જેમાં એ વાત સ્ફુટ થઈ કે શિક્ષણ ઉપરાંત તત્ત્વોની વૈજ્ઞાનિકતા સમજવાનું પણ ખૂબ જરૂરી છે.

## ચિંતન કણિકા

**સંપાદક : મોહન પટેલ**

– ઓશો રજનીશજીનું કથન છે. 'સત્તા, રાજકારણી કે ધાર્મિક નેતાઓને નહીં, પરંતુ વૈજ્ઞાનિકોના હાથમાં હોય તે સારું.'

– શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ વિજેતા : ડેસ્મંડ ટૂટૂ કહે છે. 'આપણે પરસ્પરાવલંબન, સખ્યભાવે, સમન્વય અને સહજીવન માટે સર્જાયા છીએ. એકલો માણસ તો વદતોવ્યાઘાત જ ગણાય. શસ્ત્રો પાછળ આજના રાષ્ટ્રો કરોડો રૂપિયા ખર્ચે છે. પોતાના બજેટ ઘડે છે. હવે પછીનો નવો વિશ્વ સમાજ શોષણ પર નહીં, પરંતુ ભાગીદારીની ભાવના – સહજીવનની સમજણ પર જ નભી શકશે. વધુમાં ડેસ્મંડ કહે છે

– ''જો હવે આપણે ભાઈઓની માફક સાથે મળીને જીવતાં નહીં શીખીશું તો મૂર્ખાઓની માફક સાથે મળીને મરીશું.''

## વાચકનો મિતભાષી અભિપ્રાય

**–રાકેશ દેસાઈ, સુરત**

૨૦૨૩ અંક બહુ જ ગમ્યો. વાંચી. મજા પડી. 'હમ નહીં બદલેંગે', ધર્મજનિત વિનાશ આપણે કેવી રીતે આવ્યા ? તંત્રીલેખથી આનંદપૂર્ણ જીવન જીવવાની પ્રેરણા મળી. રૅશનાલિસ્ટ વિચારો, વધુ સ્પષ્ટ ને બળ આપનાર બન્યાં. આખો અંક એક જ બેઠકે રવિવારની ભીની સવારે મોજથી વાંચ્યો. અંક નર્મદ લાઈબ્રેરીમાં વાંચ્યો.

## 'ચાર્વાક'

–કલ્પેશ પટેલ

જે જીવ મરે છે, એનું જીવન પૂરું થઈ જાય છે. જે કાંઈ છે તે દેહ છે, એને સ્મશાન ગૃહમાં જઈને બાળી આવ્યા પછી ન સ્વર્ગ, ન નરક, ન આત્મા !''

*

'પિતાજી અને માતાજી ! તમે મને બોલો કે વઢો છો, એમાં હું તમારો દોષ જોતો નથી. તમારે સ્થાને હું હોઉ તો પણ એમ જ વિચારું ને તમને બલકે આપણને સૌને યુગોથી પ્રાપ્ત થયેલા સંસ્કાર આપણને વિશેષ રીતે વર્તવા પ્રેરે છે.

*

પુનર્જન્મની કલ્પના કરનાર મનુષ્ય મારી જેમ આ જગતને ચાહનારો હશે ! એક અવતારથી એને સંતોષ નહિ થયો હોય. એને અસંતોષ રહી ગયો હશે. પુનઃ આ સૃષ્ટિ પર આવવાની લાલસામાંથી આ પુનર્જન્મની કલ્પના એણે કરી હશે.

*

આસ્તિક હોવાથી ઉત્તમ મનુષ્ય થઈ જવાતું નથી. લક્ષ્મણદાસ ! શ્રુતિને અંધ થઈને પૂજનારા કરતાં એને સમજીને વાંચીને શંકા કરનારો મારા મતે અધિક જ્ઞાની છે.

*

'એટલે ? એટલે આપ એવી કોમલ વયે... સ્મશાનમાં ગયા ? અને એ પણ રાત્રે ?' કમલાએ પૂછ્યું, એના લંબગોળ સુરૂપ મુખ પર ભય, આશ્ચર્ય અને જિજ્ઞાસાના સંમિશ્ર ભાવો હતા. બૃહસ્પતિએ વિચલિત થયા વિના આગળ ચલાવ્યું : 'હા, મારી જિજ્ઞાસા જ એવી હતી કે, મેં સ્મશાન ભણી દોટ મૂકી. વિલમ્બ થાય તો ઘરનાં મને શોધે અને ધમકાવે એવી બીક હતી. સાચું કહું, તો મને ભૂતની નહિ, ઘરનાની બીક હતી !'

*

'ભય જ્યાં દેખાય છે ત્યાં નથી, ભયની ગ્રંથિ આપણી ભીતર છે, સહજ પણ ! પ્રાયઃ ભય અજ્ઞાનમાંથી જન્મે છે તેમ કવચિત્ એ જ્ઞાનમાંથી પણ જન્મે છે !'

*

મંચ પર સુંદર નાટક ભજવાઈ રહ્યું હતું. જેમાં ત્રણ નર હતાં. એક બ્રાહ્મણ, બીજો ક્ષત્રિય ને ત્રીજો વૈશ્ય....! એકબીજાના પૂરક ! એકમેકના હિતરક્ષક ! પરસ્પરની મૂકસમજ... મૂક સમાધાન !... આ ત્રણેય એકત્ર મળીને પ્રજાને ઈશ્વર અને પરલોક વિશે વાર્તાઓ સંભળાવશે !... પ્રજા એમના વચનને બ્રહ્મવાકય ગણીને ચાલશે...હા ધિક્ ! પ્રજાનું કોણ છે ?...ન રાજા, ન પંડિત, ન શ્રેષ્ઠી !...

*

કળા મનુષ્યને સુકોમલ બનાવે છે. સ્થૂળ નહિ, સૂક્ષ્મનો મહિમા સમજાવે છે.

*

હું ઈશ્વરના ભયથી જ ઉત્તમ મનુષ્ય બનુ એના કરતાં હું મારી કેળવાયેલી સમજણ થકી જ ઉત્તમ મનુષ્ય કેમ ન બનું ?' આ ક્ષણે મારે અધિક ન કહેતાં એટલું જ કહેવું છે કે હું સ્વૈરાચારનો સમર્થક નથી તેમ સામૂહિક જીવનનો વિરોધી પણ નહિ ! હું જાણું છું કે, મનુષ્ય સમાજજીવન વિના અપૂર્ણ છે, અવિકસિત અને પંગુ છે !

*

પૃથ્વી પર જે મનુષ્યને ભૌતિક સુખોની પ્રાપ્તિ થતી નથી, એના મનોસંતોષ અર્થે સ્વર્ગની આકર્ષક કલ્પના કરવામાં આવી છે.

*

શાસ્ત્રના અભિપ્રાયો ? હું સમજ્યો નહિ...શાસ્ત્રોના તો સિદ્ધાંત હોય, જે તપાસાયેલા હોય, તેમાં શંકા ?

*

ઈશ્વર હોય તો વેદજ્ઞાન આપે ને ? વેદોને માન્ય ઠેરવવા અર્થે મુનિઓએ એવી ઘોષણા કરી છે કે વેદ ઈશ્વર પ્રબોધિત છે.

*

સ્વસ્થ શરીર હોય, હાથમાં મદિરાપાત્ર હોય અને સાથે અદ્‌ભુત રમણી હોય... તો પછી સ્વર્ગ, પરલોકને ઈશ્વરની ચિંતા શા સારું ?

*

રાજનીતિ ભયાનક વસ્તુ છે. ધર્મ, નીતિ અને દર્શન પણ એને અનુસરે છે.

*

સ્વામી કે દાસ જેવા મનુએ ઊભા કરેલા ભેદ તારી ચેતના સ્વીકારતી નથી એ હૃદ્ય પ્રસંગ છે.

## સલામ વૈજ્ઞાનિક બ્લેરને !

ઈ.સ. ૧૯૩૩ સુધી અમેરિકા અને યુરોપની જુદી જુદી હૉસ્પિટલોમાં કેટલાક દર્દીઓ પોતાને 'કાળી વિધવા' નામનો નાનો કરોળિયો કરડયો તેથી આખા શરીરમાં ખૂબ વેદના થવાની ફરિયાદ કરતા હતા. કરોળિયો કરડતો નહીં હોવાની માન્યતા ત્યારે પ્રચલિત હતી. આથી ડૉકટરો કરોળિયાથી ચઢેલા ઝેરની દવા કરતા નહોતા. દુઃખ અને પીડા મટાડવાની સામાન્ય દવા કરતા હતા. આ અસ્પષ્ટતા નિવારવા અને દર્દીઓની યોગ્ય સેવા થાય તે હેતુથી બ્લેરે ૧૨–૧૧–૧૯૩૩ 'કાળી વિધવા' માદા કરોળિયાને પોતાની ટચલી આંગળી પર મૂકી, તરત એ માદાએ ડંખ માર્યો. કલાકમાં જ આંગળીથી

વેદના વધતી વધતી બે દિવસમાં તો એવી વધી કે એના આખા શરીરમાં પીડા થવા માંડી. એમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડયા. કરોળિયાના ડંખથી પીડા ઉપડયાનું નક્કી હતું. તેથી તે પ્રમાણે ઉપચાર કરવામાં આવ્યા. એ મોતને બારણેથી પાછા આવ્યા. કદાચ પોતે મરી જાય એ શંકાએ એ પોતાને થતી પીડાનું લેખિત વર્ણન કરતા ગયા. પરિણામે એ ડંખના ઝેરને મારે તેવી દવા શોધાઈ. બ્લેરે એક સત્યાન્વેષણ કર્યું. સમાજ પર ઉપકાર કર્યો. સલામ એ વૈજ્ઞાનિક બ્લેરને !

## મહિલાઓ પરત્વે નિષ્ઠુર સમાજ

## વલોણું

અમારી મર્યાદા : નિઃસહાયતા

દર્દીનું નામ : આશાબેન રાજેશભાઈ વસાવા (નામ બદલ્યુ છે)

ગામ : સેજપુર, તા. ડેડીયાપાડા, ઉંમર : ૨૩ વર્ષ

આશાબેન અને તેમનો પતિ શેરડી કાપવા આવેલા. આશાબેન તથા તેમનો પતિ બંને દારૂ પીતાં હતાં. આશાબેનની ત્રીજી ડિલેવરી હતી. બેનને આ ત્રીજી સુવાવડ ઘરે થઈ. બેનને પેટમાં પાણી ભરાયેલ હોવાથી બેનને રાજપીપળા લઈ ગયેલા. રાજપીપળાથી રીફર થઈને રાત્રે ૮ કલાકે તા. ૧ માર્ચ ૨૩ ના ઝઘડિયા સેવા રૂરલમાં આવ્યા ત્યારે શ્વાસ ચઢતો હતો. પગે અને પેટ પર સોજા હતા અને હૃદયનાં ધબકારા વધી ગયેલા. ઓક્સિજન લેવલ પણ ઓછું હતું. આશાબેનને દાખલ કરી ECG કરી બાયપેપ પર મૂકેલા અને પેશાબ માટે ઈન્જેકશન આપ્યા ત્યારે બે દિવસ પછી થોડું સારું લાગ્યું. સેવા રૂરલમાં સોનોગ્રાફી કરી. બે દિવસ પછી ભરૂચ Echo કરાવ્યો તો હૃદયની ડાબી બાજુની ચેમ્બરમાં લોહીનો ગટ્ઠો હતો અને વાલની તકલીફ આવી. બેન બોલી શકતાં હતાં, પરંતુ ચાલી શકતા ન હતાં. ધીરે ધીરે તબિયત બગડતી હોવાથી બેનને રજા આપવાની હતી કારણ કે બેનનો પતિ ૨ દિવસ રોકાઈને ઘરે જતો રહ્યો હતો અને આશાબેનની એક બેન ઘરેથી આવી તે પણ એક દિવસ રોકાઈને બેનને મૂકીને જતી રહી. બેનનું બાળક NICU માં હતું. બેન અને બાળકની કાળજી હોસ્પિટલ સ્ટાફ રાખતા હતાં. જ્યારે બેનનો ઝાડો–પેશાબ વગેરેની પણ વોર્ડના નર્સીંગ સ્ટાફ તથા આયાબેન બધી કાળજી રાખતા હતાં. આશાબેનને બહારના મોટા સેન્ટર પર લઈ જવાની જરૂર હતી પણ તેમના જોડે કોઈ સગું ન હતું. તા. ૮ મી માર્ચ '૨૩ના રોજ બેનને રજા આપી. સેવા રૂરલની એમ્બ્યુલન્સ દ્વારા

બેનનાં ઘરે ગામ : સેજપુર (તા. ડેડીયાપાડા) મુકવા ગયા. સાથે એમ્બ્યુલન્સ ડ્રાઈવર હિતેશભાઈ હતાં અને CHP સ્ટાફ જ્યોત્સનાબેન રોહિત, લક્ષ્મીબેન વસાવા આયા તેમના ઘરે લઈને ગયાં. તેમના ઘરે જતાં ગાડી જ્યાં ઉભી રાખી હતી ત્યાંથી જંગલનો વિસ્તાર હતો. ત્રણ કિમી. ગામ અંદર હતું. પેશન્ટને સ્થાનિક લોકોની મદદ લઈને ત્યાંથી ઝોલી કરીને ડ્રાઈવર હિતેશભાઈ ઘરે લઈ ગયાં. આશાબેનનું ઘર નાનકડું ઝૂંપડું હતું. ઝૂંપડામાં ચાદર પણ ન હતી.

બેનનો પતિ શેરડી (સુગર)ના મુકરદમ પાસેથી ૮૦,૦૦૦/– રૂા. બેનની સારવાર કરાવવા લઈ આવેલો. આ રૂપિયા લઈને તેનો પતિ ઘરે હોળીનો તહેવાર ચાલતો હોવાથી ઘેરીયા બનવા માટે ઘરે જતો રહ્યો હતો. ઘેરીયા બન્યા પછી અઠવાડિયા સુધી પોતાના ઘરે આવી શકાય નહીં તેવી માન્યતા હોવાથી પતિ પણ ઘરે નહોતો.

બેનને લઈને ઘરે ગયા ત્યારે ઘરમાં કોઈ ન હતું. સાથે નાનું બાળક પણ એકલું જ હતું. પહાડી વિસ્તાર, ઝૂંપડા દૂર–દૂર, નજીકનાં ઘરોમાં જાણ કરવામાં આવી તથા PHC માં અને નજીકના સબ સેન્ટરના સિસ્ટરને જાણ કરી. એમ્બ્યુલન્સ ડ્રાઈવર અને સંસ્થાના કાર્યકરો ભારે હૃદયે, મોડી રાત્રે ઝઘડિયા પરત આવ્યાં. આમ બેનની સારવાર સેવા રૂરલમાં બધી ફ્રી કરવા આવી પણ પતિ કે સગાં બેનની સારવારમાં સાથે રહ્યાં નહીં. હજુ પણ ઉંડાણવાળા ગામડાંઓમાં રસ્તા નથી. વળી, આવી કેટલીય બહેનો નિઃસહાયતા અનુભવી રહી છે. એકાદ દિવસ પછી બહેનનું મૃત્યુ થયું. આ પ્રસંગ અમને સૌને હચમચાવી ગયો. અમને અને આપણને સૌને 'વિચારતા' કરી દીધા કે...


* હજી પણ સમાજમાં બેનોની આવી પરિસ્થિતિ છે !
* સંસ્થાની દ્રષ્ટિએ આ બેન માટે આગળ સારવાર કરવી જોઈએ, પરંતુ સંસ્થાની પણ મર્યાદા આવે છે.
* બાળક 'મા' વગરનું થયું. તેને માટે પણ કંઈ કરી શકાય ? પરંતુ આગળ જતાં બીજા પ્રશ્નો ઊભા થાય.
* આવી પરિસ્થિતિમાં શું કરવું તે પણ વિચાર કરવા જેવું છે.

(ઝઘડિયાની 'સેવા રૂરલ સંસ્થાના મુખપત્ર 'સેવા સુવાસ'ના જાન્યુ. ૨૩ થી માર્ચ – ૨૩ના અંકમાંથી સાભાર)

# સ્મરણીય ચાવડા સાહેબને શબ્દાંજલિ

–ગોવિંદ મારુ

જીવનના પ્રારંભથી ૪૫ વર્ષ સુધી ચુસ્ત આસ્તિક, અનેક હિંદુ ધર્મગ્રંથોના અભ્યાસુ, શ્રદ્ધાળુ, ભક્ત, યોગ ઉપાસક, જીવનનું એકમાત્ર લક્ષ્ય ઈશ્વર પ્રાપ્તિ માટે પ્રાર્થના, પૂજા, મંત્રજાપ, ભજન–કીર્તન, સ્તોત્રપાઠ, ગુરુગીતા, શિવ મહિમ્ન સ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ, હનુમાનચાલીસા આદિનું દરરોજ પઠન–પાઠન, ધ્યાન, ગુરુભક્તિ આદિમાં પૂર્ણ શ્રદ્ધાયુક્ત પ્રેમ, ગણેશપુરી–મુંબઈના સ્વામી મુક્તાનંદ બાબાના અનુયાયી એવા શ્રી એન. વી. ચાવડાનો જન્મ મોરબી તાલુકાના વીરપુર (મચ્છુકાંઠા)માં તા. ૧૭ ફેબ્રુઆરી, ૧૯૪૬ના રોજ થયો હતો. કડોદ વિવિધલક્ષી હાઈસ્કૂલ (જિલ્લો : સુરત)માં મદદનીશ શિક્ષક પદેથી વય નિવૃત્તિથી ૨૦૦૪માં નિવૃત્ત થયા અને કડોદમાં જ સ્થાયી થયા.



ગુજરાતના વરિષ્ઠ રૅશનાલિસ્ટ પ્રા. રમણ પાઠક (વાચસ્પતિ)ની રૅશનાલિઝમ પર આધારિત 'ગુજરાતમિત્ર' દૈનિક, સુરતમાં પ્રગટ થતી 'રમણ–ભ્રમણ' કૉલમના લેખો વાંચીને તેઓ આયુષ્યના ૪૫ મે વરસે અનેક અનુભવ, ગહન અભ્યાસ, ચિંતન–મનન અને સંશોધનને અંતે આસ્તિકમાંથી નાસ્તિક થયા. ત્યારબાદ સુરતના દૈનિક 'ગુજરાતમિત્ર'માં પ્રથમ ચર્ચાપત્રો લખીને રૅશનાલિઝમનો પ્રચાર શરૂ કર્યો. સુરતની 'સત્યશોધક સભા'માં સક્રિય થયા. ગુજરાતના દૈનિકો ઉપરાંત મુંબઈના દૈનિક 'સમકાલિન'માં પણ રેશનાલિઝમ પર આધારિત ચર્ચાપત્રો અને લેખો લખ્યા. 'દિશા' પાક્ષિક (અમદાવાદ)માં ૧૯૯૬ તી રૅશનાલિઝમ પર આધારિત 'વિવેક વિહાર' કૉલમ લખી. સુરતના સાંધ્ય દૈનિક 'પ્રતાપ'માં રૅશનલ કૉલમ 'ચક્રવાત' કીમ–સુરતના પી. કે. દેસાઈ વિદ્યાલયના મુખપત્ર'સર્વાંગી શિક્ષણ'માં 'રૅશનાલિઝમ અને શિક્ષણ' કૉલમ રૅશનલ સામયિકો 'વૈશ્વિક માનવવાદ', 'સત્યાન્વેષણ', 'નયા માર્ગ', 'સૌજન્ય માધુરી', 'વિવેકપંથી'માં અને 'અભિવ્યક્તી'

બ્લૉગ પર ઈ.બુક્સ તથા લેખો પ્રગટ થયા. ૧૯૯૪માં સ્વાધ્યાય પ્રવૃત્તિના કેટલાક લોકોના રોષનો ભોગ પણ બનેલા.

રૅશનાલિઝમ પર આધારિત (૧) 'જાગીને જોઉં તો ?', (૨) 'દિશા અને દષ્ટિ', (૩) 'ચાર્વાકદર્શન : પ્રાચીન ભારતીય જીવન પ્રણાલિ' (૪) દલિત, આદિવાસી અને બક્ષીપંચની જાતિઓ વિરુદ્ધની આઝાદી પછીની રાજનીતિ, (૫) 'વર્ણવ્યવસ્થા : એક ષડયંત્ર', (૬) 'ઈશ્વર : એક અનર્થ' (૭) 'ગીતા : ઈતીહાસના આયનામાં' અને (૮) 'ગાંધી–આંબેડકર સંઘર્ષ અને સમન્વય' વગેરે પુસ્તકો લખ્યાં છે. તે પૈકી (૧) 'ચાર્વાક દર્શન : પ્રાચીન ભારતીય જીવન પ્રણાલિ' અને (૨) 'વર્ણવ્યવસ્થા : એક ષડયંત્ર' પુસ્તકોની 'મણિ મારુ પ્રકાશને' ઈ.બુકસ પ્રગટ કરી છે.

સુરતની 'સત્યશોધક સભા' પુરસ્કૃત 'રમણ–ભ્રમણ સુવર્ણ ચંદ્રક' તથા દક્ષિણ ગુજરાત ચર્ચાપત્રી સંઘ, સુરત તરફથી ૨૦૧૯ માં વર્ષનો 'શ્રેષ્ઠ ચર્ચાપત્રી' તરીકેનો ઍવૉર્ડ તેમને એનાયત થયો છે. તેઓ બુદ્ધિઝમ અને રૅશનાલિસ્ટ વિચારસરણીને મૂલ્યવાન સાથે ગુણવાન બનાવવામાં સક્રિય હતા. તેઓ અનુસૂચિત જાતિના હોવાથી અનુસૂચિત જાતિઓ/જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોના શોષણ, સંકટો અને સમસ્યાઓથી સુપરિચિત હતા. જેથી બહુજન સમાજના ઉત્થાનમાં પણ એમને સવિશેષ રસ હોવાથી ગૌતમ બુદ્ધ, મહાત્મા જોતીબા ફૂલે અને બાબાસાહેબ ડૉ. આંબેડકરની વિચારધારાના પ્રચારક હતા. તેઓ સતત ચિંતન, લેખન, પ્રવચનો અને સોશિયલ મીડિયા થકી વિચાર પરીવર્તન દ્વારા સમાજ સુધારણાના પ્રયાસમાં ખૂબ જ સક્રિય રહ્યા. જીવનના આઠમાં દાયકાના આરે આવી, તા. ૨૬–૧૧–૨૦૨૩ ની રાત્રે ચાવડા સાહેબ આ ફાની 'દુનિયા' છોડી ગયા.

કોઈનું પણ અવસાન દુ:ખદ હોય છે; પણ ચાવડા સાહેબે મૃત્યુ પહેલાં વિતેલા જીવન દરમિયાન રૅશનલ વિચારસરણી, બુદ્ધિઝમ અને બાબાસાહેબ ડૉ. આંબેડકરની વિચારધારા થકી લોકસમજ ઘડતર માટે મોટી સેવા કરી છે. તેમના વિચારો, સેવા, સમર્પણ દાયકાઓ પર છવાઈ જશે...! આપણે તેની મહેક માણતા રહીએ...!! તેઓ આપણા હૃદયમાં જીવંત છે અને હજી પણ જીવંત રહેશે....!!!

અભિવ્યક્તિ' બ્લોગ પરિવાર અને 'મણિ મારુ ઈ.બુક્સ પ્રકાશન' પરિવાર તરફથી સ્મરણીય ચાવડા સાહેબને ભાવભીની શબ્દાંજલિ.... આ મુશ્કેલ સમયમાં અમારી હૃદયપૂર્વકની સંવેદના અને અમે શોકગ્રસ્ત પરિવારની સાથે છીએ.

## નવી જ જાતના સુધારા

હોકિંગ કહે છે કે ડીએનએનો સમગ્ર નકશો તૈયાર થઈ ગયો છે. તેથી વિજ્ઞાનની મદદથી ક્ષતિરહિત કૃત્રિમ ડીએનએ બનાવી શકાશે. એ અનુસારના ડીએનએ સમગ્ર માનવજાતના થાય તો શરીર પણ ક્ષતિરહિત બનવા માંડશે. આખરે ડીએનએ જિંદગીનું એક પુસ્તક છે. જેમાં શરીર અને આખી જિંદગી વાંચી શકાય એમ છે. સૌથી પહેલા જે જનીન ખામીઓ છે તે દૂર કરવાનું શરૂ થશે કારણ કે શરીરમાંના અને ડીએનએમાંના તત્ત્વો પૈકી જનીન સૌથી સાદુ તત્ત્વ છે. એકવાર જનીનમાં સુધારા શરૂ થાય તો મનોવૈજ્ઞાનિક રોગો અને સ્નાયુઓની ખામીને દૂર કરી શકાશે. આ સુધારાથી માનવજાતને ક્ષતિરિહત બનાવવાની દિશામાં પહેલું પગલું મંડાશે. એક સમય એવો આવશે કે પોતાના ડીએનએ ને ક્ષતિરિહત બનાવનારા લોકો અને કશા પણ સુધારા નહીં કરાવતા ક્ષતિગ્રસ્ત લોકોના બે સમૂહો સાથે સાથે અસ્તિત્વમાં આવશે. ક્ષતિગ્રસ્ત લોકોનું રાજકીય દબાણ વધશે. રાજકારણીઓ માટે આ સુધારા, આ દબાણ બહુ મોટો પ્રશ્ન બનશે. આ સુધારા આથી જ એક મોટી રાજકીય સમસ્યા બનશે.

## અવકાશયાત્રાનું ભાવિ

આકાશમાં આપણે જ્યારે વધુ ને વધુ હાજરી પુરાવીશું તેની અપેક્ષા કરતાં વધારે અસર પડશે એવું હોકિંગ જણાવે છે. એ માનવ જાતના ભાવિને સંપૂર્ણ ફેરવ નાંખશે. આગળ વધીને તો એવું બને ખરું કે આપણું ભવિષ્ય જ રહેશે કે કેમ ? પૃથ્વી પરના આપણા તત્કાલિન કોઈ પણ પ્રશ્નનો એ કોઈ ઉકેલ લાવશે નહીં. એ લાંબા ગાળામાં આપણા ખ્યાલને નવું પરિમાણ આપશે અને આપણે માત્ર પૃથ્વી પર જ નહીં, પરંતુ બહારની દુનિયા પર પણ આપણે વધારે ને વધારે ધ્યાન આપવું પડશે. આ પરિસ્થિતિમાં હું તો એટલી આશા રાખું કે માનવજાત એકઠી થઈને સમગ્ર જાતને જે પડકારો ફેંકશે તે માટે એક થશે. આ પરિસ્થિતિમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોને જો ઓછું મહત્ત્વ આપવામાં આવશે તો એના પરિણામો ગંભીર આવશે.

આ માટે મારા (હોકિંગ) સહિત બધા વૈજ્ઞાનિકોએ સતત નાવિન્યની શોધ કરવી પડશે કે જેને ધંધાદારીઓ  સુધી લઈ જશે કે જેઓ અવકાશયાત્રા માટે લોકોને સતત આનંદ અને આશ્ચર્યનું સર્જન કરશે.

# શું જીવ એક અલગ અસ્તિત્વ ?

રૅશનાલિસ્ટો સહિત સમગ્ર પ્રજા એમ માને છે કે ચેતનાથી ભરપુર જીવ જડ ચીજ–વસ્તુઓથી અલગ છે. ગણનાપાત્ર સંખ્યાના વૈજ્ઞાનિકો પણ એવું જ માને છે કે હોકિંગ પુછે છે કે આ જીવ આખરે છે શું ? જીવ બે તત્ત્વોના બનેલો છે. એક જીનથી ઓળખાતું તત્વ કે જે જીવી જવા માટે શરીરને સતત સૂચનો આપે છે અને બે, એ સૂચનોનું પાલન કરવા માટે શરીરની યંત્રણા. હોકિંગ જણાવે છે કે આ બે તત્ત્વો જીવ સિવાયની અન્ય ચીજોમાં મળે તો કહી શકાય કે જીવ જડ વસ્તુથી અલગ નથી.

જે ખૂબ બદનામ થયું છે તે કોમ્પ્યુટરમાં ઘુસી જતા વાયરસને વિચારવાનું તે કહે છે. આ વાયરસ ચોક્કસ સૂચનાઓથી ભરપૂર હોય છે. એની પાસેની સૂચનાઓનો અમલ કરાવીને એ કોમ્પ્યુટરમાંની મેમરીનું પુનઃ સર્જન કરે છે. એ સર્જન કર્યા બાદ તે મેમરીમાંની એ વિગતો બીજા કોમ્પ્યુટરને મોકલી આપે છે. હોકિંગ કહે છે કે જીવની સાથે સંકળાયેલ પ્રજોત્પતિ જેવી જ પ્રક્રિયા આ વાયરસ કરે છે. જો આ કોમ્પ્યુટર વાયરસની જીવન–ક્રિયા બરાબર સમજવામાં આવે તો આપોઆપ સમજાશે કે જીવ અને જડ ચીજ વસ્તુઓ વચ્ચે કોઈ તફાવત નથી. બન્ને પોતપોતાની યંત્રણા અનુસાર સર્જન–વિસર્જન કરે છે.

આ સંદર્ભે જીવસૃષ્ટિમાં જે વાયરસની વાતો આવે છે, જે હમણાં આપણે કોરોનાકાળમાં જોવા–જાણવાનાં મળ્યાં તેને આથી જ હોકિંગ જીવ તરીકે જ ઓળખે છે. વાયરસ સિવાયના જીવો દેખીતી રીતે સ્વતંત્રપણે અસ્તિત્વ ટકાવતા દેખાય છે, પરંતુ વાસ્તવમાં દરેક જીવ અન્ય જીવ અને પદાર્થનો ઉપયોગ કરીને જ જીવે છે. આમ હોકિંગ આપણી વધારાની એક ઘર કરી ગયેલી માન્યતા પર હથોડો મારે છે. એને જીવ, પરોપજીવી વાયરસ અને કોમ્પ્યુટર વાયરસ વચ્ચે કોઈ તફાવત દેખાતો નથી. કોમ્પ્યુટર વાયરસ જડ ગણાય છે તેથી સમગ્ર જડસૃષ્ટિ અને જીવસૃષ્ટિમાં પણ એને તફાવત દેખાતો નથી. આ સંદર્ભે આપણે જે જડ ખોરાક ખાઈએ છીએ તે જ આપણને જીવતા રાખે છે, તે આ જ બાબત સૂચવે છે.

**(વધુ ટા. – ૩ ઉપર)**

(ચાલુ–પાના નં. ૨૪નું)

સામાન્ય માન્યતા એવી છે કે શ્યામ ગર્તા (Black hole) ની શોધ હોકિંગે કરી. ખુદ હોકિંગ જણાવે છે કે કેમ્બ્રિજના જ્હોન માઈકલે ઈ. સ. ૧૭૮૩ માં સૌથી પહેલા શ્યામ ગર્તા હોવાની ચર્ચા ઉપાડેલી.

ઘણી વાર વિચાર આવે છે કે રોકેટ પૃથ્વીની બહાર કેવી રીતે નીકળી જતા હશે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ જે તાકાતથી કોઈ પણ પદાર્થને પોતાની તરફ ખેંચી રાખે છે તે તાકાતથી વધારે તાકાતવાન પદાર્થ પૃથ્વીની બહાર સહેલાઈથી નીકળી શકે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણના બળને માપ્યા પછી એવું નક્કી થયું છે કે જે પદાર્થ એક સેકંડમાં અગિયાર કિલોમીટર કરતાં વધારે ઝડપથી 'છટકે' તો તે બહાર નીકળી જઈ શકે. સૂર્યમાંથી 'છટકવા' માટે એક સેકંડમાં ૬૧૭ કિલોમીટર કરતાં વધારે ઝડપથી બહાર નીકળવું પડે.

સચરાચરમાં જે વિવિધ બળો છે તેમાં સૌથી વધારે નબળુ બળ ગુરુત્વાકર્ષણ છે. આમ છતાં 'ગરુત્વાકર્ષણ ખૂબ લાંબા અંતર સુધી કાર્યરત રહી શકે છે. આપણી પૃથ્વીનું જ જુઓને ! એ સૂર્યથી નવ કરોડ ત્રીસ લાખ માઈલ જેટલી દૂર છે, છતાં સૂર્યનું ગુરુત્વાકર્ષણ એને ખેંચી રાખે છે. અરે, પૃથ્વીની ક્યાં વાત કરીએ ? ખુદ સૂર્ય પણ ગુરુત્વાકર્ષણથી ખેંચાયેલો છે. એ આપણી દૂધગંગા (Milk Galaxy) નું કેન્દ્ર ખેંચી રાખે છે. ખબર છે એ કેન્દ્ર સૂર્યથી કેટલું દૂર છે ? પૂરા ૧૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલું !

*** બીજી જાન્યુઆરીએ જરૂરથી પધારજો ! ***

સત્યશોધક સભાના પૂર્વ પ્રમુખ બાબુભાઈ દેસાઈનું તા. ૨૭ મી ડિસેમ્બરે અવસાન થયું હતું. એમની યાદમાં તા. ૨–૦૧–૨૦૨૪ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે વનિતાવિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી, અઠવા લાઈન્સ, નેહરુ રોડ, સુરત મુકામે

**પાલનપુરના ડો. મિહિર દવેનું વ્યાખ્યાન**

અને પ્રશ્નોત્તરી યોજવામાં આવ્યા છે.

ડૉ. દવે **'તસલીમા નસરીનઃ એક માનવવાદી'**

વિશે પોતાના વિચારો રજૂ કરશે.

જરૂરથી પધારશો.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

## એન. વી. ચાવડાને સત્યશોધક સભાની અંજલિ

સત્યશોધક સભાની તા.૩–૧૨–૨૩ ના રોજ મળેલ કારોબારી સભામાં એન. વી. ચાવડાને અંજલિ અર્પતો ઠરાવ આ પ્રમાણે મંજૂર થયો હતો.

સત્યશોધક સભા સાથે એન. વી. ચાવડાને દાયકા જૂનો સંબંધ હતો. તેઓશ્રી રૅશનાલિઝમને ક્ષેત્રે પણ ખૂબ સક્રિય રહ્યા હતા. આથી સત્યશોધક સભાએ એમને ‘રમણભ્રમણ સુવર્ણચંદ્રક’થી નવાજ્યા હતા. એમની કલમમાંથી રૅશનાલિઝમ અને દલિતોની વ્યથાની વેદના ટપક્યા જ કરતી હતી. ‘સત્યાન્વેષણ’ ના પ્રત્યેક અંકમાં એમનો એક લેખ તો હમેશા સ્થાન પામતો જ હતો. એવા રૅશનાલિઝમના ઊંડા ચિંતક એન. વી. ચાવડા હવે આપણી વચ્ચે નથી. તે પરત્વે સત્યશોધક સભાની આ કારોબારી ઊંડી વેદના અનુભવે છે. ખાસ તો એમના લેખો હજી પણ લાંબા સમય સુધી માર્ગદર્શક બનશે એની આ કારોબારીને ખાતરી છે. એમને ભાવભરી અંજલિ.

## શું ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો ૧૮૦° જ હમેશા થાય ?

ના...જો સપાટ સપાટી પર ત્રિકોણ દોરો તો ૧૮૦° સરવાળો થાય, પરંતુ જો પૃથ્વી જેવા વળાંક એટલે કે દડા જેવો વળાંક હોય તો ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો ૨૭૦° થાય કારણ કે વિષુવવૃત્તને ત્રિકોણનો જો પાયો બનાવવામાં આવે તો ઉત્તરધ્રુવ સુધી જે રેખા દોરવામાં આવે તો તેનો ખૂણો ૯૦°નો એટલે કે પાયાની સાથે લંબ સીધી રેખાનો દોરવો પડે. એ જ પ્રમાણે ત્રીજી રેખા પણ ૯૦° ની રાખવી પડે. આ બન્ને રેખા જયારે ઉત્તરધ્રુવ પર પડે ત્યારે ત્યાં પણ તે ૯૦°નો જ ખૂણો કરે. આમ ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો સપાટીની સપાટતા, વક્રતા અથવા વળાંક પર આધાર રાખે છે ! આ સમજ થકી જ અવકાશયાત્રા સફળ થાય છે !

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ